મનોજ અગ્રવાલ, IAS
સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર અને

કમિશ્નર, પ્રાથમિક શિક્ષણ અને
મધ્યાહન ભોજન યોજના

ગુજરાત પ્રાથમિક શિક્ષણ પરિષદ
સર્વ શિક્ષા અભિયાન (એસએસએ),
સેક્ટર–૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭ (ગુ.રા.)
ફોન નં.૦૭૯–૨૩૨૩૫૦૬૯,૨૩૨૩૪૯૩૯
(ફેક્સ)૨૩૨૩૨૪૩૬ Email:
dpepgujarat@yahoo.com
હેલ્પ લાઈન નં :૧૮૦૦–૨૩૩–૭૯૬૫

ક્રમાંક: SSA/સાવીલ/૨૦૧૨/૫૩૭૩૭-૭૮ તારીખ: ૩/૧૨/૨૦૧૨

# પરિપત્ર

સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત શાળા વ્યવસ્થાપન સમિતિઓને શાળા ગ્રાન્ટ, શાળા મરામત ગ્રાન્ટ, ટીએલએમ ગ્રાન્ટ, ટીએલઈ ગ્રાન્ટ, માળખાકીય સુવિધાઓ – શાળાના વર્ગખંડ, આચાર્ય રૂમ, ટોયલેટ બ્લોક, કંપાઉન્ડ વોલ જેવા કામો હાથ ધરવાની ગ્રાન્ટ તેમજ અન્ય ગ્રાન્ટ આપવામાં આવે છે. આ ગ્રાન્ટ એસએમસીના ખાતામાં જમા થાય છે. કેટલાક કિસ્સાઓમાં એવું જાણવા મળેલ છે કે એસએમસી ધ્વારા મોટી રકમનો ઉપાડ કરી આ રકમ હાથ પર રાખવામાં આવે છે કે એજન્સીને રોકડમાં અથવા બેરર ચેકથી ચૂકવણું કરવામાં આવે છે. જે વહીવટી રીતે યોગ્ય નથી. આથી વહીવટી સરળતા અને નાણાંકીય શિસ્તના અમલ માટે નીચે જણાવ્યા પ્રમાણેની પધ્ધતિનો અમલ કરવાનો રહેશે.

- એસએમસી ધ્વારા સ્ટીલ, સિમેન્ટ કે ફ્લોરીંગની આઈટમની ખરીદીના બીલોનું ચૂકવણું એકાઉન્ટ પેઈ ચેકથી જ અથવા આરટીજીએસ કે કોર બેન્કીંગ સીસ્ટમ (સીબીએસ) ધ્વારા ઈ–ટ્રાન્સફરથી કરવાનું રહેશે. જો આ ત્રણેય આઈટમોની નાના જથ્થાની ખરીદી માટે જો રોકડથી ચૂકવણું કરવાની જરૂર જણાય તો આવી ખરીદી રૂ. ૨૦૦૦/– ની મર્યાદામાં રાખવાની રહેશે.
- બાંધકામ પ્રવૃતિઓ માટે બેન્કમાંથી એકસાથે રોકડ ઉપાડ રૂ.૫૦,૦૦૦/– ની મર્યાદામાં કરવાનો રહેશે અને આ રકમનો ખર્ચ એક અઠવાડિયામાં કરવાનો રહેશે. જો એક સપ્તાહમાં આ રકમનો ખર્ચ ન થાય અને લાંબા સમય સુધી રકમ હાથ પર રહેવાની શકયતા જણાતી હોય તેવા કિસ્સામાં આ રકમ પુનઃ બેન્કના ખાતામાં જમા કરાવવાની રહેશે.
- બાંધકામ સિવાયની પ્રવૃતિઓની ગ્રાન્ટ માટે રૂ. ૨૦૦૦/– થી ઉપરની રકમનું ચૂકવણું એકાઉન્ટ પેઈ ચેકથી જ અથવા આરટીજીએસ કે કોર બેન્કીંગ સીસ્ટમ (સીબીએસ) ધ્વારા ઈ–ટ્રાન્સફરથી કરવાનું રહેશે.
- ટીઆરપી/ડીપીઈ અને જિલ્લાના ઓઆઈસી ધ્વારા શાળા મુલાકાત લેવામાં આવતી હોય ત્યારે આ બાબતના અમલીકરણનું મોનીટરીંગ કરવું અને નિયત કરતા વધુ રકમ રોકડ રાખેલ હોય તો તેની જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર તેમજ સ્ટેટ પ્રોજેકટ ઓફિસને જાણ કરવાની રહેશે. જિલ્લા કક્ષાએથી સંલગ્નના બેન્ક એકાઉન્ટની ઈન્ટરનેટ ધ્વારા માત્ર "Viewing facility" લઈને પણ આ અંગેનું મોનીટરીંગ કરવાનું રહેશે.

- એસએમસીના સભ્ય સચિવ પાસે રૂ.૫૦,૦૦૦/– થી વધારે રોકડ રકમ હોય તો પરિપત્રના દિન – ૭ માં વધારાની રકમ બેન્કમાં જમા કરાવવાની રહેશે.
- સભ્ય સચિવે ગ્રાન્ટવાઈઝ ઉઘડતી સિલક, મળેલ ગ્રાન્ટ, થયેલ ખર્ચ અને બચત રકમની વિગતો એસએમસીની દરેક મીટીંગમાં રજુ કરવાની રહેશે. તેમજ દર માસે નોટીસ બોર્ડ પર આ વિગતો દર્શાવવાની રહેશે.

ઉપરોક્ત સૂચનાઓનો શાળા વ્યવસ્થાપન સમિતિઓએ ચુસ્ત રીતે અમલ કરવાનો રહેશે અને સૂચનાનું પાલન ન કરનારની સામે જરૂરી ખાતાકીય પગલાંની કાર્યવાહી જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટરે હાથ ધરવાની રહેશે.

**સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર**
**એસએસએ–ગાંધીનગર**

**નકલ રવાના :**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ, જિ : તમામ. આપના જિલ્લાની શાળા વ્યવસ્થાપન સમિતિઓને આ પરિપત્રની નકલ પાઠવી સૂચનાઓનો અમલ કરવા માટે જાણ કરવી.
- જિલ્લા પ્રોજેકટ ઈજનેરશ્રીઓ, જિ : તમામ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.
- સભ્ય સચિવશ્રી, એસએમસી, તમામ (મારફત – જિલ્લા પ્રોજેકટ કો–ઓર્ડિનેટર)